

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ત્યાં 'ગાંધી' નામે અને 'રામ' નામ ડૂબાડી ગઈ!*
*લ્યો ! બ્લૂ-વ્હેલ આખા મગરમચ્છને જ ગળી ગઈ!*
*મળી ગઈ મુક્તિ હવે, સત્ય, શિસ્ત ને સિદ્ધાંતથી*
*સાવ બગડેલા દૂધમાં, લ્યો! સાકર ભળી ગઈ!*
*(માણસા આવકાર સંમેલન)*

### હાઈકુ

*ધ્યેય વિનાના,*
*ડબ્બાઓનું સેટીંગ -*
*ઉતરે પાટા...*
*(પક્ષાંતરો...)*

*સત્તા રમત,*
*છે સંગીત ખૂરશી -*
*આ..જા, ફસાજા*
*(જૂના કાર્યકરો આઉટ)*

### ચિંતન

*દુષ્ટતાં દુષ્ટસંસર્ગાદ્દુષ્ટમપિ ગચ્છતિ ।*
*સુરાબિન્દુ નિપાતેન પન્ચગવ્યઘટી યથા ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**દુષ્ટના સંગથી દોષ વિનાની વસ્તુ પણ દોષવાળી બને છે, પંચગવ્યનો ભરેલો ઘડો હોય તેમાં દારૂનું એક ટીપું પડે, તો પણ તે અપવિત્ર થાય છે.**

**દુષ્ટ-ખરાબ-વ્યસની-લોકોની અંગતમાં હરવા-ફરવાથી સજ્જન હોય એવા લોકો પણ ચર્ચાસ્પદ કે શંકાસ્પદ જણાય છે. લોકો તો એમજ સમજે કે 'આના ભેગા ફરે છે તેવો જ હશે.'**

**માટે પણ સજ્જન-વિદ્વાન લોકોના સંપર્ક - સજ્જન સત્સંગમાં રહેવું.**

### સુવિચાર

- કુંવારો માણસ મોર હોય છે, સગાઈ થયેલો માણસ સિંહ હોય છે અને પરણેલો માણસ ગદર્ભ હોય છે - **જર્મન કહેવત**
- પૈસા વિનાનો પુરુષ તીર વિનાના ધનુષ જેવો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સહજો ભજ હરિ કા નામ કો, છોડ જગત કા નેહ, અપના તો કોઈ હૈ નહીં, અપની સગી ન દેહ - **મુંબઈ સમાચાર**
- કદીક સાચ સામે, કદીક સાચ સામે, થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી - **બોધિ વૃક્ષ**
- પૈસો એ સર્વદુ:ખોનું કારણ છે - પણ પૈસો ન હોવો એ પણ સર્વ દુ:ખનું કારણ છે. પસંદગી થઈ શકતી હોય તો પૈસા સાથે દુ:ખી થવું - **બકુલ ત્રિપાઠી**
- લોકો તમારાથી ત્રાસે એ પહેલા તમને સરી જતાં આવડવું જોઈએ. ક્ષણને વિસ્તારવા કરતાં ક્ષણને ઉજાળતાં આવડવી જોઈએ - **વિજય મર્ચન્ટ**
- આજનું ઔષધ : ટંકણખારને પાણીમાં ઓગાળી કોગળા કરવાથી મોંના ચાંદામાં તરત રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

રોમના રાજકીય અને વહીવટી નિર્ણયો સેનેટમાં લેવાતા હતા. પરંતુ જુલિયસ સિઝર સમ્રાટ બન્યો પછી સેનેટમાં લેવાતા નિર્ણયો સિઝર લેવા લાગ્યો.

શિયાળાની સાંજે ઓફિસમાં એના મિત્ર સાથે સિઝર બેઠો હતો. અને એ દરમિયાન એના વિરોધી દ્વારા લખાયેલ પત્રોની ફાઈલ મળી. પણ સિઝને એ ફાઈલ જોયા વિના જ અગ્નિને હવાલે કરી દીધો.

આ જોઈને એના મિત્રે પુછ્યું, 'પત્રોને સળગાવી નાખી તમે ઠીક કામ નથી કર્યું. તમારા શત્રુના પ્રમાણમાં રૂપમાં આ પત્રો આધારભૂત દસ્તાવેજ સાબિત થઈ શકતા હતા.'

ત્યારે સિઝરે જવાબ આપતા કહ્યું, 'હું હંમેશા ક્રોધ પ્રત્યે સતર્ક રહું છું, પણ મારી દૃષ્ટિમાં એનાથી પણ વધારે આવશ્યક કદમ એ છે કે ક્રોધના મૂળ કારણનો જ નાશ કરી નાખવો.'


સિઝરની ફીલસૂફીને મિત્ર મનોમન વંદી રહ્યો.

# સ્વાઈન ફ્લુનો 'હાહાકાર' ચિંતાજનક

**તંત્રીસ્થાનેથી...**

ભાદરવો પૂરબહાર વરસી રહ્યો છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં ચોમાસું ખોડું બેસતું અને વહેલું પૂરું થઈ જતું. આ વર્ષે ચોમાસું એની અસલી ઓળખ સાથે અને ભાદરવો એના મૂળ મિજાજ સાથે પ્રગટ થયાં છે. શ્રાવણ-ભાદરવો એટલે ભારે વરસાદના દિવસો, એની પ્રતીતિ ગુજરાતને તો થઈ જ; મહાનગર મુંબઈ પણ એની ઝપટમાં આવી ગયું. વિશ્વમાં ઐતિહાસિક મહાનગરોમાં અગ્રગણ્ય ગણાતી દેશની આર્થિક રાજધાની ભાદરવાના વરસાદ સામે ઝીંક ન ઝીલી શકે તે આપણી કડવી વાસ્તવિકતા છે અને પ્રજા તરીકેની નિષ્ફળતા છે. વરસાદ તો દુનિયામાં બધે જ આવે છે, બલકે યુરોપનાં લંડન જેવાં શહેરોમાં કે જાપાનના ટોકિયો જેવા મહાનગરમાં તો એ રોજિંદો મહેમાન છે. પરંતુ ત્યાં કયારેક વરસાદને લીધે વ્યવસ્થા ભાંગી પડતી નથી. વરસાદી ઋતુ એની સાથે અજબગજબનાં વાઈરસ લઈ આવે છે. ગુજરાત આજકાલ ઘણા દિવસોથી સ્વાઈન ફ્લુના ભરડામાં પીડાઈ રહ્યું છે. આમ જુઓ તો લક્ષણો સામાન્ય શરદી-સળેખમ જેવા, પરંતુ એની ઘાતક અને મારક ક્ષમતા કેવી બિહામણી! રોજેરોજ મૃત્યુનો આંકડો વધતો જાય છે. તંત્ર સક્રિય નથી એવું નહીં કહી શકાય, પરંતુ એ સ્વાઈન ફ્લુ જેવી બીમારીથી થનાર જીવહાનિ અટકાવી નથી શક્યું એ તો હકીકત છે. આવી જીવલેણ બીમારી હવાથી ફેલાતી હોય ત્યારે ટોળાં પર સરકારે પ્રતિબંધ મૂકવો જોઈએ. પ્રજાને પણ આસ્થાના નામે વિરોધ નહીં કરતાં આવા લોકહિતના પગલાં લેવાય એવો આગ્રહ રાખવો જોઈએ. પરંતુ ટોળે વળવું એ આપણી પ્રજા માટે તો જાણે જન્મસિદ્ધ અધિકાર છે. ટોળા સામાજિક અને ધાર્મિક નિમિત્તે થાય એ તો સમજી શકાય છે પરંતુ રાજકીય પાર્ટીઓ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા ટોળાં કરાવે છે, નેતાઓનું શક્તિપ્રદર્શન ટોળાં સરજીને બતાવાય છે. સ્વાઈન ફ્લુ જેવા હવાથી ફેલાતા વાઈરસ માટે આથી વધુ અનુકૂલતા બીજી કઈ હોઈ શકે ? ગણપતિ બાપ્પાના પંડાલોથી લઈ જગજનની અંબામાતાની શક્તિ પીઠ તરફ જતા ધોરીમાર્ગો ટોળાંથી ઊભરાઈ રહ્યા છે. બીજી તરફ રાજકીય કાર્યક્રમોમાં નેતાઓ શક્ય એટલી મોટી સંખ્યામાં લોકોને ભેગા કરી રહ્યા છે. બનાસકાંઠામાં સહાય વિતરણ માટે લોક સમુદાય ટોળે વળે છે. તો વળી કયાંક પક્ષાંતર કરીને ભાજપમાં જોડાઈ રહેલા નેતાઓના સ્વાગત સમારોહમાં મેદની જામે છે. કોંગ્રેસ એના રાષ્ટ્રીય નેતાનો રિવર ફ્રન્ટ પર કાર્યક્રમ યોજી રહી છે. વડાપ્રધાન અને રાષ્ટ્રપતિના ગુજરાતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ બધી જ ઘટનાઓ ટોળાંને પ્રોત્સાહન આપનારી અનિવાર્ય ઘટનાઓ છે. સ્વાઈન ફ્લુના વાઈરસ માટે આપણે જાણ્યે-અજાણ્યે રેડ કાર્પેટ પાથરી રહ્યા હોઈએ એવું નથી લાગતું? શું આપણમાં આઝાદીના સાત દાયકાઓ પછી પણ આટલી સિવિક સેન્સ નહોતી આવવી જોઈતી કે ઘાતક રોગચાળાને નિયંત્રિત કરવા માટે શક્ય એટલાં ઓછાં ટોળાં કરીએ ? એક પ્રજા તરીકે આપણે કેટલા વામણા છીએ એનું આ પ્રત્યક્ષ ઉદાહરણ નથી શું ?

# સંગીત અને સાહિત્યનો સ્વામી સમ્રાટ





## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

મગધના પાટનગર પાટલીપુત્રને સીમાડે ગુરુકુળ હતું. અહીં સાહિત્ય, સંગીત વગેરેનું શિક્ષણ અપાતું હતું. આમાં ત્રણ યુવકો હતો. કાચા, સમુદ્રગુપ્ત અને હરિષેણ. ત્રણેયમાં પોતપોતાની વિશેષતા હતી.

કાચા ચંદ્રગુપ્ત (ઈ.ચોથી સદી)નો મોટો શોખ હતો. એ કપટી અને સ્વાર્થી હતો. સ્વાર્થ સાધવા ખોટું કરવામાં અચકાતો જ હતો.

સમુદ્રગુપ્ત તેનો નાનો ભાઈ હતો. એ કાચા કરતાં વધુ પરાક્રમી હતો. એ રાજપુરુષ કરતાં સંતપુરુષ વધુ હતો. યુદ્ધમાં જ માનતો ન હતો. પરંતુ અધર્મ કે અનીતિને કારણે રાજય કે પ્રજાને તકલીફ થાય તો શસ્ત્ર ઉઠાવતો. વિજેતા જ થયો. એ સાહિત્ય અને સંગીતનો સ્વામી હતો. પોતાની રચેલી ગીત રચનાઓને વીણાના સૂરમાં બાંધી લેતો વીણા અને અત્યંત પ્રિય હતી. ફુરસદના સમયમાં વીણા ઉઠાવી લેતો.

હરિષેણ ચંદ્રગુપ્તના મહામંત્રી ધ્રુવભૂતિનો પુત્ર હતો. એને કાચા સાથે જરાય ફાવતું નહિ; પરંતુ સમુદ્રગુપ્ત સાથે ફાવતું. બંને પરમ મિત્રો હતા. બંને રાજકુમારો જેવો એ પરાક્રમી ન હતો; પરંતુ રાજનીતિ અને અર્થશાસ્ત્રમાં એ બંનેથી વધુ નિપુણ હતો. સમુદ્રગુપ્ત ને સાચી સલાહ જ આમ તો, સમુદ્રગુપ્ત પણ એની સલાહ કયારેય અવગણતો નહિ.

ચંદ્રગુપ્તે વિચાર્યું - 'કાચા મોટા પુત્ર છે. રાજય માટે એ હકદાર ગણાય. પરંતુ એને રાજય સોંપવું - એ રાજય કે પ્રજાના હિતમાં નથી. શાંતિ, સલામતી અને સ્થિરતા - બધું જોખમમાં આવી પડશે. એના કરતાં તો, સમુદ્ર ગુપ્ત બધી રીતે યોગ્ય છે.'

એણે પત્ની કુમારદેવીને વિશ્વાસમાં લીધા. બીજે દિવસે મંત્રી પરિષદ બોલાવી. પોતાનો નિર્ણય જણાવ્યો. પોતાની હાજરીમાં જ સમુદ્રગુપ્તનો રાજયાભિષેક કરાવ્યો. દત્તા દેવી નામની સુશીલ રાજકન્યા સાથે વિવાદ કરાવી આવ્યો.

કાચાથી આ સહન ન થયું. એણે બે પડોશી રાજાઓને ખોટી રીતે ઉશ્કેર્યા. એની સહાયથી એણે મગધ ઉપર આક્રમણ કર્યું. 'સમુદ્રગુપ્તને વિચાર આવ્યો -' મોટાભાઈ સામે કેસ યુદ્ધે જવાય ?' હરિષેણે એને સમજાવ્યું અને અર્જુનનું ઉદાહરણ આપ્યું. એણે પણ ભાઈઓ, પિતામહ અને ગુરુ સામે યુદ્ધ કરવું પડેલું. આ યુદ્ધમાં સમુદ્રગુપ્તનો વિજય થયો. એનો ઉમદા સ્વભાવ હતો - પરાજિત શત્રુનું સ્વમાન સાચવી રાખે, એને નાલેશી અનુભવવા ન દે. કાચા હવે કાયમને માટે અદશ્ય થઈ ગયો.

હરિષેણે સમુદ્રગુપ્તને અશ્વમેધની સલાહ આપી. આ અગાઉ સમ્રાટની વિજયયાત્રા નીકળે. આ વિજયયાત્રા સારા અર્થમાં અદ્ભૂત હતી. સમુદ્રગુપ્તને મોટેભાગે યુદ્ધની જરૂર જ પડતી નહિ. એણે યજ્ઞ સંપન્ન કર્યો.

એનામાં ધાર્મિક ઉદારતા હતી. શ્રીલંકાના રાજા મેઘવર્ણને બૌદ્ધધર્મના સ્થાપત્યો અને સ્મારકો માટે ભરપૂર આર્થિક સહાય આપી.

હરિષેણે પોતાના આ પરમમિત્ર - અભિન્ન સખા માટે પ્રશસ્તિકાવ્ય રચ્યું. તેમાં જુદા જુદા છંદમાં નવ શ્લોક હતા અને પછી એક દીર્ઘ ગદ્યપંક્તિ હતી. આ પ્રશસ્તિલેખ અલ્હાબાદના ઊંચા લોહસ્તંભ ઉપર કોતરાવેલો છે.

સમુદ્ર જેવા ગુણો, પ્રજાનું રક્ષણ, કાવ્ય સર્જન, વીણાવદન - આ સૌથી ચડે તે , હરિષેણ સાથે મૈત્રી આ બધું સમુદ્રગુપ્તનો યશ ચિરંજીવી કરે તેવાં છે.

# 'રણ ગર્જના' જાણીતા નાટકના લેખક કોણ છે?



## ખજાનો

અનિલ પટેલ

### ગુજરાતી સાહિત્ય

(૧) 'અવળ વાણિયા' એ કયા સાહિત્યકારનું ઉપના છે ?
(અ) બકુલ ત્રિપાઠી (બ) જયોતીન્દ્ર દવે
(ક) રતીલાલ બોરીસાગર (ડ) નિરંજન ત્રિવેદી

(૨) 'દાણલીલા' એ કોની રચના છે ?
(અ) મીરાંબાઈ (બ) પદ્મનાભ
(ક) પ્રેમાનંદ (ડ) નરસિંહ મહેતા

(૩) મધ્યકાલીન કવિ નાકરનું મુખ્ય પ્રદાન કયા સાહિત્ય સ્વરુપમાં જોવા મળે છે?
(અ) નાટક (બ) આખ્યાન
(ક) કવિતા (ડ) નિબંધ

(૪) 'જ્ઞાનગીતા'ના સર્જક કોણ છે ?
(અ) ધીરો (બ) ભોજો ભગત
(ક) પ્રીતમદાસ (ડ) કવિ ભાલણ

(૫) 'રણમલ છંદ'નામનું વીરકાવ્ય કોણે લખ્યું છે ?
(અ) શ્રીધર વ્યાસ (બ) બ્રહ્માનંદ
(ક) ભાલણ (ડ) લાભશંકર ઠાકર

(૬) 'અમદાવાદ એટલે અમદાવાદ' આ કૃતિના સર્જક કોણ છે ?
(અ) જયંતિ દલાલ (બ) વિનોદ ભટ્ટ
(ક) રતિલાલ બોરીગાગર (ડ) બકુલ ત્રિપાઠી

(૭) કયા ગુજરાતી કવિ અમેરિકામાં રહીને સ્વતંત્રતાની ચેતના જગાડતા હતા ?
(અ) શ્યામજી કૃષ્ણવર્મા (બ) સિતાંશુ યશચંદ્ર
(ક) પીતાંબર પટેલ (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

(૮) 'પ્રેમભક્તિ' એ કયા જાણીતા સાહિત્યકારનું ઉપનામ છે ?
(અ) કવિ ન્હાનાલાલ (બ) રાજેન્દ્ર શાહ
(ક) ગોવર્ધનરામ ત્રિપાઠી (ડ) રા. વિ. પાઠક

(૯) બંગાળી કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં કયા સાહિત્યકારનું યોગદાન શ્રેષ્ઠ છે ?
(અ) પૂજાલાલ દલવાડી (બ) કાકા સાહેબ કાલેલકર
(ક) નગીનદાસ પારેખ (ડ) વિનોબા ભાવે

(૧૦) 'રણ ગર્જના' જાણીતા નાટકના લેખક કોણ છે ?
(અ) રમેશ પારેખ (બ) કવિ ત્રાપજકર
(ક) બટુભાઈ ઉમરવાડીયા (ડ) જયંતિ દલાલ

(૧૧) તત્ત્વજ્ઞાન સાહિત્ય માટે સૌ પ્રથમ રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી એવોર્ડ કોને મળ્યો હતો ?
(અ) વિનોબા ભાવે (બ) કાકા સાહેબ કાલેલકર
(ક) પંડિત સુખલાલજી (ડ) સ્વામી સચ્ચિદાનંદજી

(૧૨) સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા કૃતિ 'છાવણ'ના સર્જક કોણ છે?
(અ) ધીરેન્દ્ર મહેતા (બ) મોહન પરમાર
(ક) જયોતીન્દ્ર દવે (ડ) કિશનસિંહ ચાવડા

(૧૩) 'કાચબા - કાચબી' નું લોકપ્રિય ભજનના રચયિતા કોણ છે?
(અ) પ્રીતમ (બ) નરસિંહ મહેતા
(ક) પ્રેમાનંદ (ડ) ભોજો ભગત

(૧૪) 'કૃષ્ણનું જીવન સંગીત'ના સર્જક કોણ છે ?
(અ) ચંદ્રકાન્ત બક્ષી (બ) પ્રિયકાન્ત મણીયાર
(ક) ગુણવંત શાહ (ડ) હરીન્દ્ર દવે

(૧૫) કયા ગુજરાતી સાહિત્યકારે સંસ્કૃત નાટક 'સ્વપ્નવાસવ દત્તા'નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે ?
(અ) રશિયન ક્રાંતિ (બ) ફ્રાન્સ ક્રાંતિ
(ક) જર્મન ક્રાંતિ (ડ) ત્રણેમાંથી એક પણ નહિં

### વિવિધા

**વિષય : મહાનુભાવોના જન્મ દિવસ**

- **૧ સપ્ટેમ્બર ૧૮૯૨ : જુગતરામ દવે :** સુરેન્દ્રનગરના લખતર ગામે જન્મ. વિદેશી કંપની છોડી સ્વામી આનંદના માર્ગદર્શન નીચે 'વીસમી સદી' સામયિકમાં કાર્ય કર્યુ. ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં જોડાયા. 'નવજીવન માટે કામ કર્યુ. વેડછી બુનિયાદી સંસ્થામાં કામ કર્યુ.' ૧૯૮૫માં અવસાન થયું.
- **૩ સપ્ટેમ્બર ૧૮૫૯ : નરસિંહ રાવ દિવેટીયા :** અમદાવાદમાં જન્મ. બી.એ.ની પરીક્ષા પાસ કરી આસીસ્ટન્ટ કલેકટર બન્યા. કવિ, વિવેચક, ભાષાશાસ્ત્રી, ચરિત્ર લેખક, નિબંધકાર અને ગદ્યકાર. એવા પ્રખર સાહિત્યકારનું ૧૯૩૭માં ઉત્તરાયણના દિવસે અવસાન થયું.
- **૪ સપ્ટેમ્બર ૧૯૦૧ : વિલિયમ લિયોન્સ :** એન્જીનીયર ન હોવા છતાં ઓટોમોબાઈલ્સમાં અદ્ભૂત પકડ હતી. ૨૦ વર્ષની ઉંમરે 'સ્વેલો સાઈડકાર' થી શરુઆત કરી. 'જેગુઆર' કંપનીના સ્થાપના કરી, સ્પોર્ટ અને વૈવિધ્ય સભર કારોનું ઉત્પાદન કર્યુ. ૧૯૮૫માં અવસાન થયું.
- **૫ સપ્ટેમ્બર ૧૮૮૮ : ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ :** તમિલનાડુના થિરુતાનીમાં જન્મ. આજીવન શિક્ષક રહ્યા. ભારતભરના શિક્ષક રહ્યા. ભારતભરના શિક્ષક સમુદાયને સામાજિક મોભો અને પ્રતિષ્ઠા આપી. એમ.એમ. કરી. પ્રાધ્યાપક બન્યા. ભારતના રાષ્ટ્રપતિ બન્યા. 'ભારત રત્ન' ખિતાબ મેળવ્યો. ૧૯૭૫માં નિધન થયું.
- **૬ સપ્ટેમ્બર ૧૮૬૦ : શ્રીમતી એડમ્સ :** અમેરિકાના ઈલીનોયન સિવિલે ખાતે જન્મ થયો હતો. 'હલ હાઉસ' પ્રવૃત્તિ શરુ કરી અંતિમ શ્વાસ સુધી નાટી ઉદ્ધારની ઉમદા સેવા કરી. ૧૯૩૧માં નોબલ પ્રાઈઝથી સન્માનિત થયા. ૧૯૩૫માં અવસાન થયું.
- **૭ સપ્ટેમ્બર ૧૯૭૪ : જેમ્સ આલ્ફ્રેડ વાન એલન :** માઉન્ટ પ્લીસન્ટ, આયોવા અમેરિકામાં જન્મ. ૧૨ વર્ષની વયે હાઈ વોલ્ટેજ યંત્ર બનાવ્યું. અવકાશી મિશન યોજક. ૧૯૫૯માં 'પ્લેનેટરી સાયન્સ' વિભાગ શરુ કર્યો.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં શિક્ષણશાસ્ત્રી અને વૈજ્ઞાનિક તથા યુ.જી.સી.ના પૂર્વ ચેરમેન એવા કયા મહાનુભાવનું અવસાન થયું?**

**જવાબ : પ્રો. યશપાલ (અવસાન તા.૨૪, જુલાઈ, ૨૦૧૭)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) હાર્દિક મકવાણઆ : સે-૨૪
(૫) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તમિલનાડુમાં તાજેતરમાં કયો પક્ષ એન.ડી.એ. સાથે જોડાયો ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) ડ (૩) બ (૪) ક (૫) અ (૬) બ (૭) ડ (૮) અ (૯) ક
(૧૦) બ (૧૧) ક (૧૨) અ (૧૩) ડ (૧૪) ક (૧૫) અ

# સ્વાઈન ફ્લુની રસી હોય...!



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજજર
ડૉ. દિનેશ રાઠોડ

ખુશાલભાઈ ખૂશ ખુશાલ હતા. કારણ કે, એમનો સ્વાઈન ફ્લુનો ટેસ્ટ એટલે H1N1 નો વાઈરસનો ટેસ્ટ જે નેગેટીવ આવ્યો. ખુશાલભાઈ આનંદમાં તો ખૂબ હતા છતાં પણ અંદર અંતરમનમાં મૂંઝાતા હતા કે રીપોર્ટ બરાબર થયો હશે ? મને સ્વાઈન ફ્લુમાં જે કાંઈ થાય છે એટલે કે શરદી ખૂબ છે, નાકમાંથી પાણી જાય છે, છીંકો આવે છે, ગળામાં દુ:ખે છે. શ્વાસોશ્વાસ લેવામાં થોડી તકલીફ પડે છે. છતાં લેબોરેટરીવાળાએ બંને નાકમાંથી અને ગળામાંથી સ્વાબ લઈને એક ખાસ પ્રકારના પ્રવાહીમાં બોળીને લેબોરેટરીમાં પીસીઆરથી (પોલીમરેઝ ચેઈન રીએકશન) માટે મોકલી આપેલ. લગભગ ૧૨ કલાકે રીપોર્ટ આવ્યો કે મારો રીપોર્ટ નેગેટીવ છે. આનંદ તો થયો ખૂશખુશાલ થયો પણ છતાં મૂંઝવણ છે કે રીપોર્ટ સાચો છે અને સાહેબ વાત એ છે કે રીપોર્ટ આવતા પહેલાં ડૉક્ટરે સ્વાઈન ફ્લુની દવા ટેમીફ્લુ સવાર - સાંજ લેવા માટે કહી દીધું. એટલે સાલુ બધુ ગોળગોળ લાગે. સ્વાઈન ફ્લુની દવા લેવાની, સ્વાઈન ફ્લુનો ટેસ્ટ નેગેટીવ આવે. ૪૫૦૦ રૂપિયા લેબોરેટરીવાળાએ લીધા. છતાં પણ નેગેટીવનો આનંદ છે. ભાઈ બચી ગયા તો લાખો પાયે. સવાલ આપણા બધાંના મનમાં થાય. ખુશાલભાઈનું વર્ણન બરાબર સ્વાઈન ફ્લુ જેવું જ છે. છતાં પણ સ્વાઈન ફ્લુ લેબોરેટરીના પીસીઆર ટેસ્ટમાં નેગેટીવ આવે છે અને દવા સ્વાઈન ફ્લુની જ લીધી. શું હોઈ શકે ? એની ચિંતા દરેકને થાય. અને આની સીધી અસર એ દેખાય કે લેબોરેટરીના ટેસ્ટમાં કંઈક ગોટાળો છે. સ્વાભાવિક છે કે દરેક જીવતા માણસની આવી જ લાગણી હોય. પણ આ વિશે કોઈ સારા ડૉક્ટરને પૂછીએ તો એ ડૉક્ટર આપણને સારું માર્ગદર્શન આપી શકે. સ્વાઈન ફ્લુના જેવા જ જણાતા દર્દીને સ્વાઈન ફ્લુનો ટેસ્ટ નેગેટીવ આવે છે. તો એનું કારણ શું ? ડૉક્ટર બહુ શાંતિથી એકદમ પ્રમાણિક્તાથી અને જવાબદારી સાથે કહે છે કે સ્વાઈન ફ્લુ જેવા જ દેખાતા દર્દીને સ્વાઈન ફ્લુનો રીપોર્ટ નેગેટીવ આવે છે એનો મતલબ એ થયો કે ૧૦૦ ટકા H1N1 જેવા વાઈરસ નથી. પણ H1N1 અથવા તો જેને સાદો ફ્લુ એટલે કે સાદો ઈન્ફલ્યુએન્ઝા હોય તો પણ સ્વાઈન ફ્લુ જેવું જ લાગે. આમાં એવું છે કે ઘણીવાર વાઘ આયો રે વાઘ જેવું થાય. લોકો એમ માને કે આ તો બધા ગપ્પા મારે છે ત્યારે ખરેખર વાઘ આવે માટે દરેક માનવીએ, દરેક દર્દીએ, દરેક ડૉક્ટરે, સરકારે, દરેક સામાજિક સંસ્થાઓએ મતલબ કે દરેક જીવતા માણસોએ સ્વાઈન ફ્લુ માનીને જ નિદાન કરવું જોઈએ. કારણ કે એક વખત વાઈરસ ફેફસાંમાં કફના રૂપમાં બદલાઈ જાય છે પછી દર્દીને વેન્ટીલેટર પર મૂકવામાં આવે છે અને સતત ઓક્સિજન આપવામાં આવે છે અને કૃત્રિમ રીતે શ્વાસોશ્વાસ વાટે શરીરને જુદા જુદા ભાગમાં લોહી પહોંચાડવામાં આવે છે. કારણ કે ફેફસાં કામ કરતા નથી અને શરીરને ઓક્સિજન ન મળે તો માનવીનું મગજ અને હૃદય બંને અચાનક બંધ થઈ જાય છે. માટે કોઈપણ દર્દીને કદાચ ખોટું નિદાન થઈ જાય, ખોટી દવા સ્વાઈન ફ્લુની ટેમીફ્લુ અપાઈ જાય. પણ મોતના મુખમાંથી, વેન્ટીલેટરના ભયમાંથી એને ભયંકર મોટા ખર્ચામાંથી માનવીને બચાવી લેવાય છે. ઘણી વખતે એવો સવાલ થાય કે આની એટલે સ્વાઈન ફ્લુની રસી આવી શકે અથવા મળતી હોય છે ત્યારે તરત જ આપણને ખ્યાલ આવે અને આપણે બોલી ઉઠીએ કે હા.. હા... રસી તો આવે જ છે. દરેક માનવીએ રસી લઈ લેવી જોઈએ. જેને સ્વાઈન ફ્લુ શોર્ટ કહેવામાં આવે છે. એ સ્વાઈન ફ્લુ શોર્ટ દરેકે લઈ લેવો જોઈએ. હા.. વેક્સીન લીધા પછી વેક્સીનની અસર લગભગ ૩ - ૪ અઠવાડીયા પછી થતી હોય છે. પણ વેક્સીન લેવી જોઈએ. એ ૩ થી ૪ અઠવાડીયામાં ધારો કે, આપણને તાવ આવે, શરદી થાય, નસકોરી ફુટે, નાકમાંથી પાણી પડે, ગળામાં દુ:ખે તો શું કરવું ? આપણે તો વેક્સીન લીધેલી છે એવું કહીને બેસી ન રહેવાય. કારણ કે રસીની અસર થવામાં હજુ ૩ થી ૪ અઠવાડીયા વાર છે. આવી પરિસ્થિતિમાં ટેમીફ્લુ એટલે કે વાઈરસની દવા એટલે કે સ્વાઈન ફ્લુની દવા લઈ જ લેવી જોઈએ. ઘણાં બધાં પ્રશ્ન, ઘણાં બધાં માનવીઓમાં થતાં હોય છે. પણ આપણે ત્યાં તકલીફ એ છે કે લોકો ડૉક્ટરને અથવા તો કોઈપણ જાણકાર માણસને પૂછતાં જ નથી. અંદર ને અંદર મૂંઝાયા કરતાં હોય છે. અત્યારે તો સ્વાઈન ફ્લુ, એન્ફલ્યુએન્ઝા, નિમોનિયા અને અન્ય દર્દો માટે ઈન્ટરનેટ પર સારામાં સારી જાણકારી મળતી જ હોય છે. આપણને કંઈ જ થવાનું નથી પણ જાણવું જરૂરી છે અને જાણેલું હશે તો તમે બીજા માટે બીજાની તકલીફમાં ઉપયોગી થઈ પડશો. ઘણું બધું કહેવું છે, ઘણુંબધું લખવું છે પણ ચારેબાજુ રેડીયો પર, ટી.વી. પર, દૈનિક સમાચારોમાં ઘણુંબધું આવે છે, છપાય છે એટલે અમને પણ એમ થાય કે આવું લખવું યોગ્ય છે ? પણ છતાં પણ એક માનવતાના ધોરણે આવું લખવું જ જોઈએ એવું માનીએ છીએ માટે જ લખીએ છીએ. પણ હજુ સુધી કોઈ સીધા અથવા આડા-અવળા અથવા આડકતરા કોઈ પ્રશ્નો અમારી સમક્ષ આવતા નથી. એ જરા નવીનતા લાગે છે. કોઈ વખતે અમને લખતા લખતા કોક કંઈ પૂછે તો અમને કહેવાનો બહુ જ આનંદ થતો હોય છે. જેમ નાટ્યગૃહમાં નાટક ભજવતા કલાકારોને તાળીઓનો ખોરાક જોઈએ છે. જો ખોરાક કલાકારોને મળે તો કલાકાર ખીલી ઉઠે છે અને વધારે સારી રીતે મહેનત કરે છે અને વધારે સારી અદાકારી કરી શકે છે એવી જ રીતે ગાંધીનગર સમાચારના વાચકમિત્રો અમને કંઈક નવી પ્રશ્નોત્તરી અથવા કંઈક જાણવા માટેની જીજ્ઞાસા બતાવશે તો અમારી મહેનત કરવાની શક્તિ આપોઆપ વધી જશે.